**રાજકોટના મહેરબાન ૧૫ માં એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. રાજકોટ**

**ફોજદારી કેસ નંબર :- ૪૧૨૮/૨૦૨૬**
**આંક :-**

**ફરિયાદી : સરકાર શ્રી**

**વિરૂદ્ધ**

**આરોપી : અજીતભાઈ બાલુભાઈ પરમાર**

**ગુન્હો : જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબ**

**-:: ચુકાદો ::-**

આજરોજ નામદાર ગુજરાત સ્ટેટ લિગલ સર્વિસ ઓથોરિટીના ઉપક્રમે રાષ્ટ્રિય લોક અદાલત યોજવામાં આવેલ છે. નામદાર ગુજરાત સ્ટેટ લિગલ સર્વિસ ઓથોરિટીના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ સિટિંગ રાખેલ છે.

૧. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે, આરોપીએ ઉપર મુજબનો ગુન્હો કરેલ હોય સદરહુ શિક્ષાપાત્ર ગુન્હાની ફરિયાદ નોંધી અને તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં જી.પી.એકટની કલમ-૧૩૫(૧)મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

૨. આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પૂરી પાડવામાં આવી.

૩. આરોપીએ ગુન્હા કબૂલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબૂલાત પુરસીસ આપેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ગરીબ વર્ગના માણસ છે, જેથી તેઓને ઓછામાં ઓછો દંડ કરી ગુન્હામાંથી મુક્ત કરવા અરજ છે. સદર

ગુન્હા સંબંધેની આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે.

૪. આ કેસની હકીકતોને લક્ષમાં લેતાં તેમજ આરોપીએ રજૂ કરેલ કબૂલાત પુરસીસને ધ્યાને લેતાં એવું જણાઈ આવે છે કે, આરોપીની આર્થિક સ્થિતિ સારી નથી અને આરોપી સદર ગુનાની કબૂલાત સ્વેચ્છાએ કરેલ છે. વધુમાં, ગુનાની દંડની જોગવાઈ ધ્યાને લેતા અને આરોપીની આર્થિક અને સામાજિક સ્થિતિ ધ્યાને લેતાં જે આરોપીને દંડ કરીને છોડી મુકવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે. વધુમાં આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવશે અને તેને યોગ્ય દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આ કામના આરોપીને જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબના ગુન્હામાં તકસીરવાર ઠરાવી આરોપીને રૂપિયા ૨૦૦/- (અંકે રૂપિયા બસો પૂરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આરોપીના જામીનખત અને જાતમુચરકા રદ કરવામાં આવે છે.

આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ સ્પે.સિટિંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪-૦૩-૨૦૨૬
રાજકોટ

**(હરીશ હનુમાનપ્રસાદ ગુપ્તા)**
૧૫ માં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
**રાજકોટ**
**( જજકોડ જીજે૦૧૧૮૨)**